
વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૧૨મી જન્મજયંતી પ્રસંગે કોટી કોટી વંદન!





**પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણનું આ એક પાત્ર છે. સોનગઢની તીર્થભૂમિ–એ તીર્થભૂમિમાં સમ્યગ્દર્શનરૂપી સપૂત કોઈ નહોતો જાગ્યો, નહોતો પાક્યો, ત્યાં સુધી આગળ જે–જે ધર્માત્માઓ થયા એ સોનગઢ ભૂમિમાં નથી થયા, જુદી–જુદી ભૂમિમાં થયા છે. જ્યારે ગુરુદેવની જે સાધનાભૂમિ છે. એ સાધનાભૂમિમાં સાધનાનું એક નવું યશકલગી ઉમેરાણું અને એ ભૂમિ પણ ફલવંતી થઈ અને એક ફળ પાક્યું – એ સોગાનીજી છે. પૂજ્ય સોગાનીજીનું બહુમાન એ માત્ર એક વ્યક્તિનું બહુમાન નથી, એ સમ્યગ્દર્શનનું બહુમાન છે અને જે–જે સર્વ સમ્યગ્દર્શન ધારક મહાત્માઓ છે, ધર્માત્માઓ છે તે અનંતા–ત્રણે કાળના ધર્માત્માઓનું બહુમાન, એમાં સન્માન છે.**

**– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૯ : અંક-૩૦૫, વર્ષ-૨૫, મે-૨૦૨૩


## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શિષ્યરત્ન પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સંબંધિત પ્રમોદપૂર્ણ હૃદયોદ્‌ગારો !!



...હું તો જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન કોનું કરે ? અને કોની પાસેથી કાર્ય લે ? આહા..હા...! ચૈતન્ય હીરલો ! અનંતગુણના પાસાથી પડ્યો (છે), પ્રભુ ! આ..હા...! ખરેખર તો એના-જીવના પરિણામ જે થાય છે એ પરિણામ પણ ત્રિકાળી ધ્રુવથી નહિ. આહા..હા...! તો પરના પરિણામ જીવ કરે (એ કેમ હોય ?)

દ્રવ્ય પર્યાયનો દાતા નથી અને કર્તા નથી. આહા..હા...! ભાઈએ -'ન્યાલભાઈ'એ તો એકવાર લખ્યું નથી ? 'પરિણામ પરિણમી ગયા અને હું એવોને એવો રહી ગયો.' લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે. લોકોને ખબર નથી. પરિણામની દ્રષ્ટિ ધ્રુવ ઉપર છે અને એ પરિણામ બદલી ગયા અને હું તો એવોને એવો (રહી ગયો). હું એટલે ધ્રુવ. આહા..હા...! (લોકોને) આ ન બેસે. **'ન્યાલભાઈ'ની વાત પરમ સત્ય છે**. પણ નિશ્ચયાભાસ છે એમ કરીને કાઢી નાખ્યું, માળાએ !

(કાલે એક મુમુક્ષુ) જોવા આવ્યા હતા (એ કહેતા હતા કે) 'તમે એને નિશ્ચયાભાસ ઠરાવો તો અમે જોવા આવીએ.' કહો, ઠીક ! (બે જણા આવ્યા અને કહ્યું કે) 'ન્યાલભાઈ'ને તમે નિશ્ચયાભાસ ઠરાવો તો અમે આ મેળામાં આવી શકીએ.' હવે આવો-ન આવો, અહીં અમારે શું કામ છે ? તારે એનું કામ શું ? એ જ્યાં છે ત્યાં હતાં. આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૫૭-૫૮, તા. ૨૬-૬-૭૫, પ્ર.૭૨, ૨૫:૨૪ મિનિટે)

*

(જ્ઞાનીને) વીતરાગ સ્વભાવની દ્રષ્ટિ છે એટલી તો વીતરાગતા દ્રષ્ટિની અપેક્ષાએ છે, અસ્થિરતાની અપેક્ષાએ જ્ઞાનીને રાગ આવે છે. આ..હા...! શરીર આદિ શણગારનો રાગ આવે. ન્હાય, શણગાર કરે. 'ન્યાલભાઈ'માં તો એવું



આવે છે (કે), છેલ્લે ન્હાયા હતા. 'ન્યાલભાઈ !' આવે છે, ચોપડીમાં આવ્યું છે. મરવાની તૈયારી હતી એની, છેલ્લે સ્નાન કર્યું. આવે, એવો વિકલ્પ આવ્યો. આવે છે ? (શ્રોતા :- પ્રસ્તાવનામાં). હા, પ્રસ્તાવનામાં. છે ને ? આવે, એવો વિકલ્પ હોય છે. આહા..હા...! પણ એને એ દોષ જાણે છે. લાભ માટે આમ કરું છું એમ નહિ. આહા..હા...! કરું છું તો નહિ પણ થાય છે એ લાભ માટે નહિ. આ..હા..હા...! અસ્થિરતાને લીધે શરીર-વાણી, આહાર ને પાણીને અનુકૂળ કરવાનો રાગ આવે પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી. આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૬૧-૬૨, તા. ૩૦-૬-૭૫, પ્ર-૭૬, ૨૯:૪૫ મિનિટે)

*

જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી તેમ અંતરાત્મા શરીર જીર્ણ થતાં પોતાનાં આત્માને જીર્ણ માનતો નથી. આહા..હા...! અરે...! પર્યાયમાં પૂર્ણ હીણી (પર્યાય) થઈ- ઘણી હીણી (પર્યાય થઈ) એથી ધ્રુવ હીણું થયું એમ માને? આહા..હા...! એને ઠેકાણે શરીરની જીર્ણતાથી આત્માની જીર્ણતા (થઈ) એ વાત ક્યાં છે ? આહા..હા...! ધર્મીની દ્રષ્ટિ ! શરીર ઉપર લક્ષ પણ ક્યાં છે ? એ શિયાળ કરડે ને કટકા કરે. ધર્માત્માની દ્રષ્ટિ તો આત્મા ઉપર પડી છે. શિયાળ શરીરના કટકા કરે તોપણ ત્યાં અંતરમાં તો આનંદ વેદાય છે ! ઓલું-(શિયાળ) બટકું ભરે, અહીં આનંદ પુષ્ટ થાય ! આહા..હા...! એને અને આને સંબંધ શું છે ? આહા..હા...! પેલો ટુકડો જાય, અહીં આનંદની પુષ્ટિ થાય ! આહા..હા...! ચીજ જ જુદી છે. ભાઈ લખે છે નહીં ? 'ન્યાલભાઈ' ! કે કરોડો સોયું ધગધગતી શરીરમાં આવે તોપણ જ્ઞાનીને એની ચિંતા નથી, કારણકે ઈ મને અડતું નથી. છે ને ? 'ન્યાલભાઈ'માં છે. ધર્મી તો હર સમયે તૈયાર ! શરીરમાં ધગધગતી કરોડો સોયું પહેરે તોપણ એને હું અડતો નથી, એ મને અડતી નથી. આ..હા..હા...! જેનાથી શરીર(થી) મારો અત્યંત અભાવ (છે), એમાં - શરીરમાં એ થાય એમાં મને શું ? આ..હા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૬૩ થી ૬૫, તા. ૨-૭-૭૫, પ્ર.-૭૮, ૨૯:૧૦ મિનિટે)

*

...પર્યાયમાં પરિણમન જે છે એ તો પર્યાયનું છે. 'ન્યાલભાઈ'માં એક ઠેકાણે આવ્યું છે કે, પરિણામી- અપરિણામી કહીએ તો... પરિણામી-પરિણામ ! આવે છે એક ઠેકાણે. 'અપરિણામી-પરિણામ' (કહો). ઓલું જોર (ત્યાં છે ને !) પરિણામ પોતે અપરિણામી ઉપર લક્ષ (કરે) છે. તેથી 'અપરિણામી-પરિણામ'. (આવે) છે? આ બાજુમાં છે. આહા...! વસ્તુસ્થિતિ છે. કારણ કે અપરિણામીને પરિણામે જ્યારે જાણ્યું ત્યારે 'અપરિણામી પરિણામ' એમ ! માર્ગ એવો ઝીણો છે, ભાઈ ! અને એ સર્વજ્ઞ પંથમાં જ આવો માર્ગ હોય, ત્રણકાળમાં બીજે ક્યાંય હોય નહિ. આહાહા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક–૬૫–૬૬, તા. ૩–૭–૭૫, પ્ર.–૭૯, (૯:૨૦ મિનિટે)

*

...વિકલ્પ ઉઠે તે પણ નુકસાનકારક છે. આહા..હા...! ભાઈએ – 'ન્યાલભાઈ'એ તો ત્યાં સુધી લખ્યું નહિ ? (કે), 'સુનનેવાલે કો નુકસાન અને સુનાનેવાલે કો નુકસાન.' લખ્યું છે ? બન્નેને (નુકસાન). આહાહા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક –૭૧–૭૨, તા. ૯–૭–૭૫, પ્ર.–૮૪, ૩૪:૪૫ મિનિટે)

*

...પ્રવૃત્તિમાં પણ વિવેક જોઈએ. એક ફેરી તો 'ન્યાલભાઈ'ને પૂછ્યું છે કે, વિવેક ક્યા ? વિવેક મૂકી દે એક કોર ! એક ફેરી એમ (કહ્યું) અને એક ફેરી પાછું કહે છે કે, વિવેક પહેલો જોઈએ. બે પ્રશ્ન છે. છે બે પ્રશ્ન છે. એક ઠેકાણે વિવેકની વાત છે. એક ઠેકાણે પાછું વિવેકને સ્થાપ્યું છે કે, વિવેક જોશે, પણ પર્યાયબુદ્ધિ રાખવી નહિ, પર્યાય ઉપરનું જોર ન દેવું, એમ. છે ઈ ક્યાંક. કેટલામું છે ઈ ખબર છે ? નથી ખબર ? પ્રશ્નોમાં છે. ક્યે ઠેકાણે પ્રશ્ન છે ખબર છે ? આપણને કંઈ બહુ યાદ રહે નહિ. ન્યાય યાદ રહે. એવું ક્યાંક આવ્યું હતું, હોં ! આ..હા..હા...!

એકનો અર્થ એમ કે, આવો રાગ હોવો જોઈએ નહિતર આમ થાય ને તેમ થાય એમ. હવે જેવો થાવો હશે થાશે. એને સમ્યગ્દર્શનમાં એવો સ્વચ્છંદી રાગ ન થાય. એને યોગની લાયકાત પ્રમાણે જ થાય. પણ એનું જોર જવું જોઈએ વસ્તુ ઉપર. જે મહા–ખાણ છે એ ખાણ ઉપર નજર નાખવી જોઈએ. જોર ત્યાં જવું જોઈએ. પર્યાયનો વિવેક એના પ્રમાણમાં હોય છે પણ એનું જોર પર્યાય ઉપર ન જોઈએ. ક્યાંક છે. બે બોલ છે. એક બોલ કાઢશો તો બીજો બોલ આવે છે, લખી લીધો હશે. વિવેકનો નકાર કર્યો છે ત્યાં પણ વિવેકનો હકાર કર્યો (છે) એનું પાનું લખ્યું હશે. છે, એમાં ઘણો વિષય (છે). (૪૨:૧૦ મિનિટે)

...બે જગ્યાએ છે. જુઓ ! એ ૩૫૭. જોયું ? **'પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈં ઉનકો સહજ હોના ચાહિએ.'** જોયું ? અને ૬૮માં (બોલમાં) આવે છે. ત્યાં ના પાડશે. 'પ્રશ્ન :– **અનુભવ હોને કે બાદ પરિણામમેં મર્યાદા આ જાતી હૈ ન ? વિવેક હો જાતા હૈ ન?'** એમ પ્રશ્ન છે. 'ઉત્તર : વિવેક કી બાત એકબાજૂ રખો; એકદફા વિવેક કો છોડ દો ! (**–પર્યાય કી સાવધાની છોડ દો !) પરિણામ માત્ર હી 'મૈં' નહીં; 'મૈં' તો અવિચલિત ખૂંટા હૂં; મેરેમેં ક્ષણિક અસ્તિત્વ હૈ હી નહિ.** વિવેક કે બહાને ભી જીવ પરિણામ મેં એકત્વ કરતે હૈં.' ત્યાં એ કહ્યું અને અહીં હા પાડી છે. અપેક્ષાથી (વાત છે). અહીં હા પાડી છે. જુઓ ! **'પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈં ઉનકો સહજ હોના ચાહિએ.'** સહજ હોના ચાહિયે ! બન્ને ઠેકાણે પાનું મૂક્યું છે, હોં ! આ..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક–૭૧–૭૨, તા. ૯–૭–૭૫, પ્ર.–૮૪, ૫૨:૪૫ મિનિટે)

*

...જેણે રાગ અને દ્વેષને, વિષય–કષાયરૂપી શત્રુને દૂર કર્યાં છે તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે. આહા..હા...! 'ન્યાલભાઈ'એ એક ઠેકાણે કહ્યું છે ને કે, હું તો પલાંઠી વાળીને અંદર બેસી જાઉં છું. ભાષા એવી સાદી કરી નાખી છે ! પલાંઠીનો અર્થ કે હું તો અંદરમાં બેસી જાઉં છું, એમ. 'પલાંઠી વાળીને' એમ (આવે) છે. ત્યાં પલાંઠી વાળતા હશે ? એનો અર્થ કે, મારી પર્યાય ત્યાં થંભી જાય છે. આહા..હા...! લોકોને વિશેષ એવું લાગે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પર્યાયને દ્રવ્યમાં સ્થાપી, એમાં લીન કરી એ પલાંઠી વાળીને બેસી ગયો, એનો અર્થ ઈ. આસન નાખ્યું ધ્રુવમાં ! એમ. આવો માર્ગ ભારે, ભાઈ !

('શ્રી સમાધિતંત્ર' શ્લોક – ૭૩–૭૪, તા. ૧૧–૭–૭૫, પ્ર.–૮૬, ૧૨:૩૫ મિનિટે)

*

આ..હા..હા...! તારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને ! એ કોણ કરાવે ને કોણ શીખવે ? કે, પોતે.

આ..હા..હા...! મૃગની નાભિમાં કસ્તૂરી (છે) એને એની ખબર નથી. આને ખબર પડે ત્યારે પોતે ખબર પાડે છે કે, ઓ..હો...! જ્યાં હું ઊભો છું તે તો પર્યાય છે અને એ પર્યાય જેની છે એ તો મહાતત્ત્વ છે ! એ પર્યાય એના ઉપર ખડી રહી છે. છે એવી ભાષા ? આ શબ્દ 'ન્યાલભાઈ'માં છે. કોઈએ એમ પૂછ્યું કે, 'આ વાત ન્યાયથી તો મગજમાં બેસે છે પણ હજી ધ્રુવ સ્વભાવ તરફ જતો નથી. એનું શું કારણ ?' આવે છે એમાં ? આવે છે ક્યાંક આવે છે ખરું ! મોટો દરિયો છે ! ત્યારે કહે છે કે, જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે, વિકલ્પથી ન્યાયથી (બેસે છે) એ પર્યાય કોઈ ઉપર ખડી છે કે નહિ ? સમજાણું ? જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે તો હવે એ પર્યાય ક્યાં છે ? કોના આધારે છે ? નિશ્ચયથી પર્યાય પર્યાયનો આધાર એ અહીંયાં લેવો નથી. જેના ઉપર પર્યાય રહે છે એવું જે ધ્રુવ (તત્ત્વ છે) એનું લક્ષ કર તો તને અનુભવ થાય. આહા..હા...! પર્યાયમાં તને એ વાત બેઠી હોય તો એ પર્યાય કોના ઉપર ઊભી છે ? એટલે કે એનો ઉત્પાદ્ કોને આધારે ? કોના આધારમાં ? અદ્ધર ઉત્પાદ થયો છે ? જેના ઉપર એ પર્યાય થઈ છે, ખડી છે, છે એના આધારમાં જા ! આહા..હા...! આવી વાત ઝીણી ભારે ! એણે કરવાનું તો આ છે. બાકી બધી વાતું છે. આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૭૫-૭૬, તા. ૧૩-૭-૭૫, પ્ર.-૮૮, ૯:૩૫ મિનિટે)

*

...ત્રણ લોકના નાથની વાણી સાંભળવી, એ વાણી પરદ્રવ્ય છે. આહા..હા...! એના ઉપર સાંભળવાના લક્ષે તો વિકલ્પ છે. છતાં એક ઠેકાણે ('નિહાલભાઈ'એ) પાછું કહ્યું છે ને ? ભાઈ ! આચાર્યના શબ્દો(માં) આનંદનો રસ ટપકે. ઈ કઈ અપેક્ષાએ ? સ્વભાવનો આશ્રય લઈને જે વાંચે, સમજે છે... આ..હા..હા...! એને ત્યાં આનંદ ઝરે છે એમ કહેવું છે. વાંચન-શ્રવણ વખતે પણ ધર્મીને તો સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ થતી જ જાય છે. આહા..હા...! એ એને લઈને નહિ. એ કાળમાં પોતાની શુદ્ધિ ઉપર, જોર છે ને ત્યાં ? આહા..હા...! પરિણામ મારું ધ્યાન કરે તો કરો. હું (કોનું) કરું ? આ..હા...! લોકોને કઠણ પડે. ઈ જાણે કોણ ? (તો) કે, પર્યાય પાછી. જાણે પર્યાય કે, પરિણામ ધ્રુવનું ધ્યાન કરે તો કરો. પર્યાય એમ જાણે. પણ હું કોનું ધ્યાન કરું ? 'હું' એટલે 'ધ્રુવ' એમ. આ..હા...! એવી અટપટી વાતનું સમાધાન ન સમજે તો એને શાંતિ ન મળે અને અશાંતિનો ખદબદાટ થયા જ કરે. આ..હા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૮-૭૯, તા. ૧૭-૭-૭૫, પ્ર.-૯૨, ૯:૪૦ મિનિટે)

*

'સોગાની'ની દ્રષ્ટિનું જોર દ્રવ્ય ઉપર બહુ હતું ! બે ઠેકાણે લખે છે કે નહિ ? આ અમારી પદ્ધતિ – દ્રવ્યપ્રધાન કથન છે. શરૂઆતમાં છે. છે ને ! એ છે ક્યાંક. (પહેલે પાને ચર્ચામાં) જુઓ ! **'અપની તો યહી દ્રષ્ટિપ્રધાન શૈલી હૈ.'** ઈ શૈલી. એને કંઈ ઉપદેશ કરવો નહોતો. એને કંઈ દુનિયામાં રાજી થાય ને સભા ભરાય ને એવું કાંઈ નહોતું. છે ને ? પ્રશ્ન છે કે **'આપ શુદ્ધ પર્યાય કો દ્રષ્ટિ કી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં યા જ્ઞાન કી અપેક્ષા સે ? ઉત્તર : દ્રષ્ટિ કી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં; જ્ઞાન કી અપેક્ષા સે નહિ.'** ક્યોંકિ, જ્ઞાન જાણે છે, એમ (કહેવું છે). દ્રષ્ટિમાં ભેદ નથી ને ! **'દ્રષ્ટિ કરને કે પ્રયોજન મેં ભિન્નતા કા જોર દિયે બિના દ્રષ્ટિ અભેદ નહીં હોતી. ઈસીલિયે દ્રષ્ટિ કી અપેક્ષા સે હી ભિન્ન કહતે હૈં. ઔર અપની તો યહી 'દ્રષ્ટિપ્રધાન' શૈલી હૈ, સો ઐસે હી કહતે હૈં.'**

(બીજું) ૪૩૫ છે. ૪૩૫ (બોલમાં) હોં ! '(મુજે) દ્રવ્ય કા બહુત પક્ષ હો ગયા હૈ...' (એટલે કે) અમારું લક્ષ વધારે જોર ત્યાં છે એમ. 'ઈસલિયે કથનમેં દ્રવ્ય સે (દ્રવ્ય કી પ્રધાનતા સે) હી સબ બાતેં આતી હૈં.' બે ઠેકાણે આવ્યું ને ! (બોલ) ૨જો અને આ ૪૩૫. ઈ તો યથાર્થ છે.

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૭૮, તા. ૧૭-૭-૭૫, પ્ર.-૯૨, ૨૫:૨૦ મિનિટે)

*

...પ્રભુ ! એક સમયમાં પરમાત્મસ્વરૂપે બિરાજમાન

છે ! એને આત્મા કહીએ ને ? 'નિયમસાર' ૩૮ ગાથામાં તો એ લીધું ને ! નહિ ? આ ધ્રુવ, અભેદ, શુદ્ધ, ચૈતન્યઘન તે આત્મા. પર્યાયને ત્યાં લીધી નથી. આહા..હા...! એવો જે ભગવાન પૂર્ણ સ્વરૂપ ચૈતનદળ ! એ પર્યાયમાં આવતો નથી. ભાઈએ દાખલો આપ્યો છે ને ? 'ન્યાલભાઈ'એ ! અરીસાનો નહિ ? અરીસાનો દાખલો આપ્યો છે. અરીસો છે એની પર્યાયમાં આ બધું ભાસે છે. એનું દળ જે રહે છે એ પર્યાયમાં આવતું નથી. આહા..હા...! અને એ પર્યાય જે છે એમાં ભાસે ને ? સર્પ, કોલસા, અગ્નિ, બરફ. છે તો એની પર્યાય, ઈ (પોતે) નહિ પણ એ પર્યાયમાં એ ભાસે છે. પણ એ પર્યાયમાં આખું ચૈતન્યદળ આવ્યું નથી. કારણ કે આ તો પલટતી દશા છે અને ઓલી તો એકરૂપ વસ્તુ છે. આહા..હા...! તો એ પર્યાયમાં દળ નથી. દળ તો દળમાં છે. આહા..હા...! એવું જેને ભેદજ્ઞાન નથી એ બંધાણા છે એમ કહે છે.

('શ્રી સમાધિતંત્ર' શ્લોક –૭૮, તા. ૧૮-૦૭-૭૫, પ્ર.–૯૩, ૧૦:૪૫ મિનિટે)

*

...જ્યારે યોગની પરિપક્વ અવસ્થા થાય એટલે અંદર સ્થિર થાય ત્યારે જેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે, જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે. ભાવના શબ્દે એકાગ્રતા – તેવા નિશ્ચળ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને... ચળે નહિ એવી સ્થિરતા જ્યાં જામી છે. આહા..હા...! એકલા આનંદના જ્યાં ઘૂંટડા પીવે છે. ભાઈએ દાખલો આપ્યો છે શેરડીના રસનો ! 'ન્યાલભાઈ'એ ! ગન્ના... ગન્ના ! તૃષા લાગી હોય (ત્યારે) ગન્નાનો શેરડીનો રસ (પીવે) આમ ઘટ... ઘટ... ઘટ... ઘટ... ઘટ... ઘટ... ઘટ... આ..હા..હા...! એમ અનુભવના કાળમાં શેરડીના રસની જેમ આનંદનો ઘટ.. ઘટ.. અનુભવ (થાય છે) ! આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૮, તા. ૧૮-૦૭-૭૫, પ્ર.૯૩, ૪૮:૦૦ મિનિટે)

*

ભગવાન આત્મા ! એક-એક પ્રદેશે પૂર્ણ અનંત આનંદની ખાણ... ખાણ છે ઈ ! એવા અસંખ્ય પ્રદેશથી વ્યાપક, અતીન્દ્રિય આનંદના રસથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ! એની દ્રષ્ટિમાં એ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તેનું જ્ઞાન સાચું ન થાય અને તેને રાગથી અભાવરૂપ વૈરાગ્ય પણ હોય શકે નહિ. આ..હા...! છ ખંડના રાજમાં રહ્યો (હોય) છતાં એ વૈરાગી હોય. 'ન્યાલભાઈ'એ તો કહ્યું છે ને ? ચક્રવર્તી છ ખંડ સાધે ! પછી (શું લખ્યું છે ?) અખંડને સાધે છે. ઈ છ ખંડને નથી સાધતા, અખંડને સાધે છે. આ..હા..હા...! જેની દ્રષ્ટિમાં પરમાત્મા અખંડસ્વરૂપ જ્યાં અંદર અનુભવાય ગયો... આ..હા..હા...! એ તો અખંડને સાધે છે. એવા ભલે બહાર લડાઈ આદિના પ્રસંગ હોય પણ ત્યાં તો અખંડ ઉપર જ જેનું સાધકપણું ઠર્યું છે. આ..હા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક ૮૨-૮૩, તા. ૨૧-૭-૭૫, પ્ર.૯૬, ૧૫:૪૦ મિનિટે)

*

...ભાઈએ તો એકવાર નથી કહ્યું ? 'ન્યાલભાઈ'એ! કે, સાંભળવું અને સંભળાવવું એ નુકસાનનું કારણ છે. બીજી રીતે પાછું કહ્યું કે, પોતાનાં સ્વને લક્ષે જો આચાર્યોના શબ્દોને વાંચે તો ત્યાં (આનંદ) રસનાં બિંદુ ટપકે છે ! જુઓ ! ત્યાં એમ કહ્યું ! આહા..હા...!

જીજ્ઞાસા : બે વિરુદ્ધ વાત કેમ આવી ?

સમાધાન : વિરોધ નથી. જેને સ્વ લક્ષ (છે તે) જે કંઈ સાંભળે ને કરે એને લક્ષ હો છતાં વિકલ્પ ઉઠે છે તે નુકસાનકારી છે. વિકલ્પની અપેક્ષા લઈને વાત કરી છે અને અહીં સ્વભાવનો આશ્રય લઈને વાત થાય છે ત્યારે એનું વાંચન, શ્રવણ, મનન હોવા છતાં સ્વના આશ્રયના લક્ષમાં એની શુદ્ધિ વધે છે. એ વિકલ્પને લઈને વધે છે, સાંભળવાને લઈને વધે છે, એમ નહિ. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! જરીક પણ જો ન્યાય ફરી જાય તો આખી વસ્તુ ફરી જાય.


('શ્રી સમાધિતંત્ર' શ્લોક –૮૪-૮૫, તા. ૨૨-૭-૭૫, પ્ર.૯૭, ૨૮:૧૫ મિનિટે)

*

**(અનુસંધાન પાના નં ૧૧ પર.. )**

# સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સંબંધિત હૃદયોદ્‌ગારો !!





'સોગાનીજી'નું દ્રષ્ટાંત લઈએ તો વિચારવા જેવું છે કે, ક્યાં પોતે 'અજમેર'ના દિગંબર સંપ્રદાયમાં પડ્યા હતા અને એમની સંપ્રદાયની માનેલી ક્રિયાઓ કરતા હતા. પૂજા પાછળ લાગ્યા તો છ-છ કલાક પૂજા કરે, શાસ્ત્ર વાંચે તો આખો 'દી શાસ્ત્ર વાંચે, ધ્યાન કરે તો આખો 'દી ધ્યાન કરે ! પાત્રતા ઘણી તૈયાર થઈ પણ ત્યાં કોઈ નિમિત્ત નહોતું. એક 'આત્મધર્મ' હાથમાં આવ્યું. 'ષટ્ આવશ્યક નથી એક જ આવશ્યક છે.' (આ વાંચીને) ચોંટ લાગી.

એમના વચનોમાં 'દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ'ના જે ૬૪૫ બોલ છે એમાં એક વાત ધ્યાન ખેંચવા જેવી છે. એ વારંવાર એમ કહે છે કે, આ વાત સાંભળતા ચોંટ લાગવી જોઈએ. એમ ઈ શું કરવા કહે છે ? (કેમકે) પોતાને એ વાત જ્યારે પહેલી-વહેલી મળી ત્યારે એને ચોંટ લાગી છે. ક્યારે એને ચોંટ લાગે છે ? કે, એની પાત્રતા તૈયાર થઈ હોય અને દર્શનમોહનો રસ ગળ્યો હોય તો એને ચોંટ લાગે અને નહિતર દર્શનમોહનું ગોદડું ઓઢ્યું હોય (એને) ગમે તેટલી વાતો આવે (તોપણ) એને કંઈ અડે નહિ. આવું છે !

મુમુક્ષુ : ઘણાંએ 'આત્મધર્મ' વાંચ્યું હશે.

પૂજ્ય ભાઈશ્રી : લાખો માણસોએ વાંચ્યા છે. લાખો બહાર પડી ગયા અને લાખો માણસોએ વાંચ્યા છે. (પણ આમને) ચોંટ લાગી. પહેલું-વહેલું વાંચ્યું અને ચોંટ લાગી. 'આત્મધર્મ' ઉપર જે ગુરુદેવનો ફોટો હતો એને અર્ઘ ચડાવ્યો ! અર્ઘ તો પૂજાનું અંગ છે. શું છે ? અર્ઘ તો પૂજાનું અંગ છે. અહીંયાં તો હજી આ તો

પુસ્તકનું પાનું છે, સાક્ષાત્ પણ નથી, પુસ્તકનું પાનું છે. એટલું બહુમાન આવ્યું છે કે, એ વખતે અર્ઘ ચડાવ્યો છે !!

મુમુક્ષુ : એક આવશ્યક છે એમ કહેવા પાછળ શું આશય છે ?

સમાધાન : એક આવશ્યક છે એટલે એક આત્મામાં અંતર્મુખ થવું એ એક જ અવશ્ય કરવા યોગ્ય છે. આવશ્યકનો અર્થ થાય છે - અવશ્ય કરવા યોગ્ય. 'ક' એટલે કરવા યોગ્ય. આવશ્યક એટલે અવશ્ય. તો શું અવશ્ય કરવા યોગ્ય છે ? કે, અંતર્મુખ થઈને આત્મામાં અભેદ રહેવું તે એક જ આવશ્યક છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ ધર્મ - એ એક જ આવશ્યક છે. છ પ્રકારના આવશ્યક એ તો વ્યવહારમાં જાય છે.

એ છ પ્રકારના છ વિકલ્પ છે એ એમને બોજો હતો. શું છે ? મૂળ તો વિકલ્પથી થાકેલા હતા કે, આ અષ્ટપ્રકારી પૂજા અને છ પ્રકારના આવશ્યક - આ બધા વિકલ્પો મને પોષાતા નથી. હવે કોઈ વિકલ્પ વિનાની ચીજ હોય અને એમાં નિર્વિકલ્પભાવે અંદર રહી જવાતું હોય તો આ વિકલ્પ કરવા પોષાતા નથી અને કરવા નથી. એ સ્થિતિમાં એ આવેલા અને એમાં બરાબર એ વાત મળી ગઈ. અંદરથી એમ સ્પષ્ટ ન થતું હોય, પણ ભાવ એવો રહેતો હોય અને સ્પષ્ટ ન થતું હોય ત્યારે એમ કહેનાર મળે ત્યારે એને જાણે રસ્તાનો કોઈએ દરવાજો ખોલી દીધો હોય એવું લાગે કે, અરે...! હું જેની શોધ ચલાવતો હતો એ વાત તો આમણે કરી ! આ તો સીધો રસ્તો બતાવે છે.

ઈ અર્ઘ ચડાવ્યો એમાં બહુ ઊંડી વાત છે. છીછરા વિચારમાં એ સમજાય એવું નથી, પણ બહુ ઊંડી વાત છે. એ કાળે એ મુમુક્ષુજીવને એમ લાગે છે કે, મારા તારણહાર મને મળ્યા અને હું તરી ગયો !! બન્ને વાત એને દેખાય છે. હું તરી ગયો એમ દેખાય છે ! તારણહાર સામે છે અને હું તરી ગયો, બસ ! આ એનો સ્વાહા કરીને એક અર્ઘ ચડાવી દે છે. એ અર્ઘ સ્વાહા નથી કરતા, આખા સંસારને એણે સ્વાહા કર્યો !! આમ છે.

...એ જે અર્ઘ ચડાવ્યો એમાં સંકેત છે. ત્યાં એને એની (ગુરુદેવશ્રીની) પ્રતીતિ આવી ગઈ, એ વખતે વિશ્વાસ આવી ગયો. નહિતર પહેલી વખત સાંભળે અને આ ભાવભાસન ક્યાંથી આવે ? મૂળ દિગંબર ! પહેલાં-વહેલાં 'સોનગઢ' આવે છે અને વ્યાખ્યાન સાંભળે છે પછી ભાવભાસનમાં આવી જાય છે. વાત એમને ત્યાં ('અજમેર'માં) ચોંટ મારી ગઈ હતી, પછી પ્રત્યક્ષ થયું. પેલું પરોક્ષ હતું, એટલે પરોક્ષથી તો કામ થતું નથી. એમને પ્રત્યક્ષ આવવાનો ભાવ થયો. એટલે (એક મુમુક્ષુભાઈને) કહ્યું હતું કે, 'મારે આવવું છે, તમે જાઓ ત્યારે મારે આવવું છે.' એ (-બીજા મુમુક્ષુ) ન આવી શક્યા. તારીખ નક્કી કરી, પેલાંને કામ આવી ગયું (એટલે) એ ત્યાં રહી ગયા અને આ ('સોગાનીજી') એકલા ગાડીમાં બેસી ગયા. કેમકે એ 'કિશનગઢ'થી બેસે અને આ 'અજમેર'થી બેસે. એટલે પહેલાં એમને બેસવું પડે. એમણે ટિકિટ લઈ લીધેલી હોય એટલે એ તો આવશે. એક ડબ્બામાં (ભેગાં) થઈ જશું. (એ) ન મળ્યા તો કાંઈ નહિ. ટિકિટ લીધી છે, આપણે બેસી જાવ. કંઈક કારણ બની ગયું હશે.

('સોનગઢ') આવી ગયા. (પ્રવચન) સાંભળ્યું (એમાં) આત્મા સાંભળ્યો. 'જ્ઞાન અને રાગ જુદાં છે' એ જ્ઞાનમાં આત્મા સાંભળ્યો. રાગ આત્માથી જુદો છે એવો આત્મા સાંભળ્યો, ભિન્ન આત્મા સાંભળ્યો. રાગથી ભિન્ન જ્ઞાનમય આત્મા છે એ સાંભળ્યું અને એની ધૂન ચડી ગઈ. એ કહેતા હતા કે, પહેલાં પંદર દિવસ ક્યાં ગયા છે, મને ખબર નથી રહી ! એવી ધૂન આત્માની ચડી છે કે, પહેલાં પંદર દિવસ ક્યાં પૂરા થઈ ગયા એ ખબર નથી રહી !!

ઘરે એમ નહિ કહેલું કે, હું ફલાણી જગ્યાએ-'સોનગઢ' જાઉં છું. બે-ત્રણ ગામની વાત ચાલેલી. કદાચ 'મુંબઈ' જાવું પડશે, 'સોનગઢ' પણ જવાનો વિચાર છે. જતી વખતે એમ ન કીધું કે, હું 'સોનગઢ' જાઉં છું. ધંધો

હશે (એટલે) ખરીદી માટે 'મુંબઈ' જાવું પડે, બીજું-ત્રીજું, કંઈ કામસર બહારગામ તો જવું પડે. એ દિવસોમાં 'મુંબઈ'માં હિન્દુ-મુસલમાનનું હુલ્લડ ફાટી નીકળેલું. આમના પંદર-પંદર દિવસથી કંઈ સમાચાર નહિ એટલે ચિંતા થઈ. એટલે જ્યાં-જ્યાં જવાની વાત હતી ત્યાં બધે એ લોકોએ તાર કર્યા. એ જાતનો તાર આવ્યો કે, તમે કુશળ છો એના તારથી સમાચાર આપો. 'સોનગઢ' તાર આવ્યો ત્યારે ખબર પડી. એ લોકોએ બે-ત્રણ જગ્યાએ તાર કરેલો કે, જ્યાં હશે ત્યાંથી સમાચાર આવશે અને ખબર પડશે કે, આ જગ્યાએ છે. પંદર દિવસે એ ભાનમાં આવ્યા !! ઠીક ! પંદર દિવસે ભાનમાં આવ્યા ! એવી ધૂન ચડી ગઈ ! ...ત્યાં સુધી ખબર નથી રહી કે રાત ક્યાં જાય છે, દિવસ ક્યાં જાય છે ?! એવી ધૂનમાં, ઘોલનમાં ચડી ગયા હતા !!

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ - ૧૫૯, તા. ૧૦-૩-૮૭ના પ્રવચનમાંથી, ૨૫:૦૦ મિનિટે).

મુમુક્ષુ : 'સોગાનીજી'ને શાસ્ત્ર ભણવાની આદત નહોતી.

પૂજ્ય ભાઈશ્રી : હા, એમને આદત નહોતી. આદત નહોતી તો એમને બંધન પણ નહોતું. એકભવતારી છે, એક ભવમાં (મોક્ષમાં) જશે ! certified by Gurudev 'શ્રીમદ્જી'એ તો નિર્મળ સમ્યક્જ્ઞાનથી પોતાનું certificate પોતે જ પ્રસિદ્ધ કરી નાખ્યું (છે). આ તો ગુરુદેવે certificate આપી દીધું.

બીજાને અપેક્ષા થઈ જાય કે આપણને certificate મળે તો સારું ! પણ 'સોગાનીજી'ની પરિસ્થિતિ સમજવા જેવી હતી. એકવાર વાત કરી કે, ગુરુદેવશ્રીને જાણ થાય (તો) બહુ પ્રમોદ થશે. તમારા વિષયમાં ગુરુદેવશ્રીને જાણ થાય કે, આવો કોઈ આત્મા પાક્યો, મારાં આટલા શિષ્યોમાંથી એક આવો પણ પાક્યો ! તો ગુરુદેવને પ્રમોદ થશે. એ રીતે થોડી વાત મૂકીએ. અમારી વચ્ચેની ચર્ચા છે. શું જવાબ આપ્યો જુઓ ! આcertificateની લાલચ થાય એની સામે (વાત છે). 'અગર ગુરુદેવને જાન લિયા તો આત્મા કો ક્યા ફાયદા હોગા ?' શું કીધું ? પ્રશ્ન કર્યો! કે, માનો ગુરુદેવે જાણ્યું કે, બહુ સારી સ્થિતિ છે ! એમની આત્મસ્થિતિ બહુ સારી છે ! એક ભવમાં (મોક્ષમાં) જશે ! તો કહે, 'એમાં મારા આત્માને શું ફાયદો ?' મારા આત્મા માટે એ વાત નિષ્પ્રયોજન છે. આમ કહેવું છે, ઠીક ! મારા આત્મા માટે તો મારા આત્માનું અવલંબન એ જ પ્રયોજનભૂત છે, બીજી વાતો મારાં આત્મા માટે પ્રયોજનભૂત નથી. આ એને certificate મળે છે. certificateની અપેક્ષાવાળાને certificate મળતું નથી. એની એ સ્થિતિ હતી. આ તો બધો પ્રત્યક્ષ પરિચયનો વિષય છે.

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૨૨૧, તા. ૧૮-૧૧-૮૭ના પ્રવચનમાંથી, ૪૫:૦૦ મિનિટે)

'સોગાનીજી'નું પુસ્તક સંકલિત કર્યું ત્યારે એક પ્રશ્ન અમારે ચર્ચામાં ચાલતો હતો કે, આ વ્યક્તિ સમ્યક્જ્ઞાની તરીકે સમાજમાં પ્રસિદ્ધ નથી (એટલે) પ્રશ્ન ઉઠશે. તો એમને સમ્યક્જ્ઞાન હતું એવા જ્ઞાનના પુરાવા આમાંથી નીકળે છે કે નહિ ? તો એવાં અનેક પુરાવા એમના વચનમાંથી નીકળે છે કે, એમને સમ્યક્જ્ઞાન હતું. એ સાબિત થઈ શકે એવી વાત છે. એટલે નક્કી કર્યું કે, આ ચેલેન્જ ઉપાડી લેવી ! જો સામે કોઈ ચેલેન્જ આવે તો આ ઉપાડી લેવી. અને એ દિવસોમાં એ દ્રષ્ટિએ કેટલુંક નોટિંગ કર્યું હતું, પછી છોડી દીધું. એક વખત આખું પુસ્તક ફેરવી જોયું.

એ તો સમ્યક્જ્ઞાનની કોઈ વિશિષ્ટતા એવી છે અને એમની પોતાની વચન-વિશિષ્ટતા પણ એવી હતી કે જેને અનુભવ થયો નથી એની તાકાત નથી કે કોઈ મુકાબલામાં સામા આવી શકે ! એ પરિસ્થિતિ રહી નહિ કે થઈ નહિ.

('પરમાગમસાર' બોલ ૬૮૩, તા. ૨૯-૯-૮૪ના પ્રવચનમાંથી, ૪૦:૦૦ મિનિટે)

ગુરુદેવે કહ્યું કે, આ 'સોગાનીજી' અમારાં કરતાં વહેલા (મોક્ષમાં) જાશે, ઠીક ! કેવું શ્રુતજ્ઞાનમાં આવ્યું ! કાંઈ કેવળજ્ઞાન નથી. છતાં શ્રુતજ્ઞાનમાં આવ્યું કે, એકાદ ભવમાં દેવલોકમાંથી નીકળીને મનુષ્ય થઈને ઝપટ કરવાના છે! આ એમના શબ્દો છે - '**ઝપટ કરવાના છે !**' એ લક્ષણ અત્યારથી દેખાઈ ગયા. ગજબ તેજ છે ! તેજી જોરદાર છે! એકદમ દ્રવ્યદ્રષ્ટિનો વિષય ઝડપ્યો છે. આવતાવેંત સમ્યક્ લીધું છે ! તેજી માપી લીધી કે, આવતાવેંત લીધું છે! વર્ષો જાય અને વર્ષો સુધી અભ્યાસ કરે એ વાત એમના માટે નથી રહી.

('પરમાગમસાર' બોલ ૭૩૬, ૧૯-૧૧-૮૪ના પ્રવચનમાંથી, ૫૭:૦૦ મિનિટે)

*

ગુરુદેવનો એક પ્રસંગ (કહું). 'દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ'ના ત્રીજા ભાગ ઉપર પ્રતિબંધ મૂક્યો કે, આ તો અમે અમારા હાથે ઠીક લાગશે એને આપશું. એમાં કેટલાંક પુસ્તકો અપાણાં. એ રીતે પાંચ વર્ષનો સમય વ્યતીત થઈ ગયો. પાંચ વર્ષે એકવાર ઓચિંતું એમને યાદ આવ્યું. બપોરે વ્યાખ્યાન પહેલાં એમની રૂમમાં જવાનું થયું. વ્યાખ્યાનમાં હજી આવવાને પાંચ-દસ મિનિટની વાર હતી. એટલે દર્શન કરવા, વંદન કરવા હું અંદર ગયો. સામેથી પૂછ્યું કે, 'પેલાં ત્રીજા ભાગના પુસ્તકો નહોતા આપવા માટે છૂટાં રાખ્યા (હતા) એ કેટલાં છે ?' સાથે બાઈન્ડીંગ કરેલાં પાંચસો હતા એમાંથી તો પોતે કો'ક, કો'કને આપતા હતા. મેં કીધું, '૧૬૦૦ છૂટાં છે.' ૨૧૦૦ છપાવ્યા એમાં પાંચસો બાઈન્ડીંગ કરાવેલાં હતા. એ તો પોતે પોતાના હાથે કોઈ-કોઈને ત્રણે ભાગ સાથે આપતા હતા. એ લગભગ અપાઈ ગયેલાં. (મેં કહ્યું) '૧૬૦૦ છે.' (એટલે એમણે પૂછ્યું) 'ક્યાં છે ?' (મેં કહ્યું) 'હીરાલાલજીને ત્યાં કબાટમાં પડ્યા છે.' (ગુરુદેવે પૂછ્યું) 'હજી પડ્યા છે ?' (મેં કીધું) 'હા, પડ્યા છે. પણ હવે પાનાં પીળા થવા મંડ્યા છે.' પાંચ વર્ષે કાગળ તો પીળો પડવા મંડે. અત્યારે ઘણાં પીળા પડી જાય છે. (ગુરુદેવે કહ્યું) 'એમ ! શાસ્ત્રની અશાતના થાય, એ તો શાસ્ત્ર છે !' આવા શબ્દો બોલ્યા. 'શાસ્ત્ર છે અને અશાતના થઈ જાય. આપણે એમ કરો બ્રહ્મચારી બહેનોને આપવાનું શરૂ કરો.' એટલે જે શરત એકદમ tight હતી એ loose કરી નાખી. 'આપો આપણે!' પછી બસ્સો-બસ્સો મૂકવાના શરૂ કરી દીધાં. એક બસ્સો ખૂટે પછી બીજા બસ્સો, ત્રીજા બસ્સો... પછી તો ઘણાંને છૂટથી આપતા હતા, point એટલો જ છે કે, ભાવશ્રુતવાળા જીવના શ્રીમુખેથી તત્ત્વજ્ઞાનનો વિષય નીકળે તે દ્રવ્યશ્રુતરૂપે થઈ જાય છે. તે દ્રવ્યશ્રુત કહો કે શાસ્ત્ર કહો (બન્ને એકાર્થ છે).

('પરમાગમસાર' બોલ ૬૯૮, તા. ૯-૧૦-૮૪ના પ્રવચનમાંથી, ૧૫:૦૦ મિનિટે)

---


**(પાના નં ૭ થી આગળ... )**

...જેમ શરીર મારું, રાગ મારો (માને છે) એમ ઈ ઉઘડેલું પરના લક્ષવાળું જ્ઞાન છે એ મારું - એ બધી દેહાત્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ ? ભાઈમાં 'ન્યાલભાઈ'માં તો એક શબ્દ છે કે, જેમ-જેમ ક્ષયોપશમ થતો જાય છે તેમ-તેમ તેને મદ વધતો જાય છે - એક ઠેકાણે છે. અભિમાન વધતું જાય છે કે આ મને થયું, આ મને થયું, આ મને આવડત છે, બીજા કરતાં હું આવડતમાં વધ્યો છું એમ એને ઊંડે-ઊંડે મદ ચડી જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ પણ દેહાત્મબુદ્ધિ છે. આહા..હા...! ભાઈ ! મારગડાં બહુ જુદાં ! આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૯૩-૯૪, તા. ૨-૮-૭૫, પ્ર.-૧૦૮, ૧૯:૦૦ મિનિટે)

*

# પૂજ્ય સોગાનીજીના સંબંધમાં......
# (પૂજ્ય ભાઈશ્રીના તા. ૨૯-૭-૯૧ના પ્રવચનમાંથી)



મુમુક્ષુ :- ગુરુદેવે એકાવતારી કહ્યું પણ પોતાને ખ્યાલ આવી ગયો હોય એવો ઉલ્લેખ આમાં ક્યાંય આવે છે ? કે હું એકાવતારી છું.

પૂજ્ય ભાઈશ્રી :- એમને પોતાને નથી ખ્યાલમાં આવ્યું. એ ગુરુદેવને ખ્યાલ આવ્યો છે. તેઓ તો આ જ ભવમાં પૂરું કરવાના પ્રયત્નમાં પડ્યાં છે. અમને લોકોને પરિચય વધારે હતો એટલે એવું લાગતું હતું કે જો આયુષ્ય હોત તો કદાચ ઉપરના ગુણસ્થાનમાં આવી જાત, (એટલેકે) મુનિદશામાં (આવી જાત). પુરુષાર્થ ઘણો હતો ! (જો એવું થાત) તો આ કાળમાં ભાવલિંગી મુનિના દર્શન થઈ જાત !! આયુષ્ય પણ નહોતું અને કુદરતી જે બનવાનું હોય (એમ જ બને છે). વસ્તુસ્વરૂપમાં કાંઈ ફેર પડે ? પણ મુનિદશા આવા જીવો પ્રાપ્ત કરે એવો તીખો પુરુષાર્થ હતો ! ઘણો તીખો પુરુષાર્થ હતો !!

મુમુક્ષુ :- એમનું અંગત લખાણ કાંઈ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ મળ્યું નથી. કોઈ વાત મળી નથી. એક તો પોતે કોઈના સંગમાં રહેવાના મતમાં નહોતા. સાધર્મીના કોઈના સંગમાં પણ રહેવાના મતમાં નહોતા અને ગુપ્ત રહીને પોતાનું કામ કરી લેવું, અજાણ્યા રહીને, ગુપ્ત રહીને પોતાનું કામ કરી લેવું, એ સિવાય એમનો બીજો અભિપ્રાય વર્તમાન પરિસ્થિતિમાં નહોતો. (બાહ્ય) પ્રસિદ્ધિથી આત્માને શું લાભ છે ? નુકસાનનું કારણ છે. નુકસાન કરે તો નિમિત્ત થાય. ન કરે તો જુદી વાત છે. પણ જે મર્યાદિત સમય છે, તે મર્યાદિત સમયને એકાંતમાં બેસીને ધ્યાનમાં - આત્મધ્યાનમાં વિશેષ લગાડવો. એ એમની મુખ્ય વૃત્તિ હતી. એટલે શાસ્ત્ર સ્વાધ્યાય પણ ઘરમાં ઓછો હતો. સત્સંગ તો નહોતો પણ શાસ્ત્ર સ્વાધ્યાય પણ ઘરમાં ઓછો હતો. કેમકે પુરુષાર્થની કળા હાથમાં હતી. એટલે જેટલો સમય મળે તેટલો ધ્યાનમાં બેસે, દિવસ હોય કે રાત. જેટલો સમય મળે તેટલો (ધ્યાનમાં બેસી જાય). એ રીતે કામમાં લાગેલા રહેતાં.

(આપણે આગળ પત્રાંક - ૧૪માં) ન આવ્યું ! એક જ વખતમાં અથાહનો થાહ લઈ લેવો. પાનું - ૧૩. '**પર વાહ રે પુરુષાર્થ ! તૂને સાથ રહી ઉગ્રતાકા સંકલ્પ કિયા, માનો અથાહકી થાહ, સદૈવકે લિયે એકબારમેં હી પૂરી લે લેગા.**' અથાહ એટલે જેનું નીચે કોઈ તળીયું નથી, મર્યાદા નથી, સીમા નથી. 'ભલે સીમા ન હોય, પૂરું કરી દઈશ' એક વખતમાં પૂરું કરી લેવું છે ! એવા પુરુષાર્થનો એમનો પ્રકાર એમને લાગતો

હતો. વસ્તુસ્વરૂપ કાંઈ અન્યથા થતું નથી, કે અત્યારે પૂર્ણતા થઈ જાય. એ તો એ વાત ગૌણ કરીને ઉપડ્યાં હતાં - શ્રીમદ્જીની જેમ ! એટલે એકાવતારીપણું આવ્યું. ગુરુદેવને કેમ જ્ઞાનમાં ભાસ્યું ? (એનું કારણ આ છે).

(ગુરુદેવશ્રીએ) બહુ ગંભીરતાથી એ વાત કરી હતી. કોઈ આગળ-પાછળ ચર્ચા નહોતી ચાલતી. મૌનપણે આંટા મારતાં હતાં. સવારે ૧૦ વાગે જમ્યા પછી સ્વાધ્યાય મંદિરના હોલમાં આંટા મારીને પછી એમની રૂમમાં ચાલ્યા જાય. બધાં મૌન હતાં. કોઈ વાતચીત નહોતી ચાલતી. એમાં (અચાનક) હાલતાં-હાલતાં ઊભા રહી ગયા. અહીંથી (બાવડેથી) પકડીને (કહ્યું હતું), બાવડું પકડતાં, કોઈ ખાસ વાત કહેવી હોયને તો હાથ પકડીને વાત કરે. એમ અહીંથી (હાથ) પકડ્યો. **'જુઓ ! આ અંદરમાંથી આવેલી વાત છે.'** બહુ ગંભીરતાથી (બોલ્યા). **'જુઓ ! આ અંદરમાંથી આવેલી વાત છે. આ સોગાની છે ને ! અહીંથી સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી નીકળીને ઝપટ કરશે.'** ખાસ એમનો કાઠિયાવાડી શબ્દ છે. **'ત્યાંથી નીકળીને ઝપટ કરશે. અને અમારે ચાર ભવ છે. તીર્થંકરના ભવમાં તીર્થંકર અરિહંતને વંદન નથી કરતાં. દીક્ષા લેતી વખતે 'ણમો સિદ્ધાણં' એવો ઉચ્ચાર જ્યારે અમે કરીશું, ત્યારે અમારા નમસ્કાર એમને પહોંચશે !'** કેમકે એ વખતે એ સિદ્ધાલયમાં પહોંચી ગયા હશે ! બહુ ગંભીરતાથી આ વાત કરી છે. એમના (સોગાનીજીના) પુરુષાર્થનો પ્રકાર કેવો હતો ! એનું પરિમાણ, માપ જેને કહીયે, એ ગુરુદેવનાં જ્ઞાનમાં આવ્યું છે. સીધી વાત આ છે.

*

---

## વિનમ્ર અપીલ


"સ્વાનુભૂતિપ્રકાશ" માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.

જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.

આભાર

સંપર્કઃ શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૪૨

મુંબઈ, ફાગણ વદ ૬, શનિ, ૧૯૪૮

અત્ર ભાવસમાધિ તો છે. લખો છો તે સત્ય છે. પણ એવી દ્રવ્યસમાધિ આવવાને માટે પૂર્વકર્મ નિવૃત્ત થવા દેવાં યોગ્ય છે.

દુષમકાળનું મોટામાં મોટું ચિહ્ન શું ? અથવા દુષમકાળ કયો કહેવાય ? અથવા ક્યાં મુખ્ય લક્ષણે તે ઓળખી શકાય ? એ જ વિજ્ઞાપન. લિ. બોધબીજ.

*

### પત્રાંક - ૩૪૩

મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૪૮

અત્ર સમાધિ છે.

જે સમાધિ છે કેટલેક અંશે છે.

અને જે છે તે ભાવસમાધિ છે.

*

### પત્રાંક - ૩૪૪

મુંબઈ, ફાગણ વદ ૧૦, બુધ, ૧૯૪૮

ઉપાધિ ઉદયપણે પ્રવર્તે છે. પત્ર આજે પહોંચ્યું છે.

અત્યારે તો પરમપ્રેમે નમસ્કાર પહોંચે.

*

### પત્રાંક - ૩૪૫

મુંબઈ, ફાગણ વદ ૧૧, ગુરુ, ૧૯૪૮

કોઈ પણ પ્રકારે સત્સંગનો જોગ બને તો તે કર્યા રહેવું, એ કર્તવ્ય છે, અને જે પ્રકારે જીવને મારાપણું વિશેષ થયા કરતું હોય અથવા વધ્યા કરતું હોય તે પ્રકારથી જેમ બને તેમ સંકોચાતું રહેવું, એ સત્સંગમાં પણ ફળ આપનાર ભાવના છે.

*

### પત્રાંક - ૩૪૬

મુંબઈ, ફાગણ વદ ૧૪, રવિ, ૧૯૪૮

બધા પ્રશ્નોના ઉત્તર મુલતવવાની ઈચ્છા છે.

પૂર્વકર્મ તરત નિવૃત્ત થાય એમ કરીએ છીએ.

કૃપાભાવ રાખજો ને પ્રણામ માનજો.

## પત્રાંક - ૩૪૭

મુંબઈ, ફાગણ વદ ૦)), સોમ, ૧૯૪૮

ૐ

આત્મસ્વરૂપે હૃદયરૂપ વિશ્રામમૂર્તિ શ્રી સુભાગ્ય પ્રત્યે,

વિનયયુક્ત એવા અમારા પ્રણામ પહોંચે.

અત્ર ઘણું કરીને આત્મદશાએ સહજસમાધિ વર્તે છે. બાહ્ય ઉપાધિનો જોગ વિશેષપણે ઉદયપ્રાપ્ત થવાથી તે પ્રકારે વર્તવામાં પણ સ્વસ્થ રહેવું પડે છે.

જાણીએ છીએ કે ઘણા કાળે જે પરિણામ પ્રાપ્ત થવાનું છે તે તેથી થોડા કાળે પ્રાપ્ત થવા માટે તે ઉપાધિ જોગ વિશેષપણે વર્તે છે.

તમારાં ઘણાં પત્ર-પત્તાં અમને પહોંચ્યાં છે. તેમાં લખેલ જ્ઞાન સંબંધી વાર્તા ઘણું કરીને અમે વાંચી છે. તે સર્વ પ્રશ્નોનો ઘણું કરી ઉત્તર લખવામાં આવ્યો નથી, તેને માટે ક્ષમા આપવી યોગ્ય છે.

તે પત્રોમાં કોઈ કોઈ વ્યાવહારિક વાર્તા પણ પ્રસંગે લખેલી છે, જે અમે ચિત્તપૂર્વક વાંચી શકીએ તેમ બનવું વિકટ છે. તેમ તે વાર્તા સંબંધી પ્રત્યુત્તર લખવા જેવું સૂઝતું નથી. એટલે તે માટે પણ ક્ષમા આપવા યોગ્ય છે.

હાલ અત્ર અમે વ્યાવહારિક કામ તો પ્રમાણમાં ઘણું કરીએ છીએ, તેમાં મન પણ પૂરી રીતે દઈએ છીએ; તથાપિ તે મન વ્યવહારમાં ચોંટતું નથી, પોતાને વિષે જ રહે છે, એટલે વ્યવહાર બહુ બોજારૂપે રહે છે.

આખો લોક ત્રણે કાળને વિષે દુઃખે કરીને પીડાતો માનવામાં આવ્યો છે; અને તેમાં પણ આ વર્તે છે, તે તો મહા દુષમકાળ છે; અને સર્વ પ્રકારે વિશ્રાંતિનું કારણ એવો જે 'કર્તવ્યરૂપ શ્રી સત્સંગ' તે તો સર્વ કાળને વિષે પ્રાપ્ત થવો દુર્લભ છે. તે આ કાળમાં પ્રાપ્ત થવો ઘણો ઘણો દુર્લભ હોય એમાં કંઈ આશ્ચર્યકારક નથી.

અમે કે જેનું મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જાુગુપ્સાથી કે શબ્દાદિક વિષયોથી અપ્રતિબંધ જેવું છે; કુટુંબથી, ધનથી, પુત્રથી, 'વૈભવથી', સ્ત્રીથી કે દેહથી મુક્ત જેવું છે; તે મનને પણ સત્સંગને વિષે બંધન રાખવું બહુ બહુ રહ્યા કરે છે; તેમ છતાં અમે અને તમે હાલ પ્રત્યક્ષપણે તો વિયોગમાં રહ્યા કરીએ છીએ. એ પણ પૂર્વ નિબંધનનો કોઈ મોટો પ્રબંધ ઉદયમાં હોવાનું સંભાવ્ય કારણ છે.

જ્ઞાન સંબંધી પ્રશ્નોનો ઉત્તર લખાવવાની આપની જિજ્ઞાસા પ્રમાણે કરવામાં પ્રતિબંધ કરનારી એક ચિત્તસ્થિતિ થઈ છે; જેથી હાલ તો તે વિષે ક્ષમા આપવા યોગ્ય છે.

આપની લખેલી વ્યાવહારિક કેટલીક વાર્તાઓ અમને જાણવામાં છે, તેના જેવી હતી. તેમાં કોઈ ઉત્તર લખવા જેવી પણ હતી. તથાપિ મન તેમ નહીં પ્રવૃત્તિ કરી શક્યાથી ક્ષમા આપવા યોગ્ય છે.


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (મે-૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના વિશેષાંકની સમર્પણ રાશિ શ્રીમતી હંસાબહેન અજીતભાઈ શાહ તથા શ્રીમતી મીનાક્ષીબહેન વિરાગભાઈ શાહ તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,**

**જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

## પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સંબંધિત હૃદયોદ્ગારો !!



પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે કે વિચાર કાંઈ સાધન નથી. વસ્તુ પ્રત્યક્ષ પડી છે, તેમાં પ્રસરીને બેસી જા. તો વસ્તુ પ્રત્યક્ષ છે એટલે શું ?

ઉત્તર : વસ્તુ તો પ્રત્યક્ષ જ છે ને... તું પોતે જ છો. વિચાર પ્રથમ હોય ખરા, જે વિચાર વસ્તુનો નિર્ણય કરવા, પ્રમાણ-નય આદિના વિચારો હોય છે પણ તે સાધન નથી ને વિચારોમાં અટક્યા કરે તો વસ્તુ પ્રાપ્ત થતી નથી.

*

'નિહાલભાઈ' કહે છે કે 'પર્યાય મારું ધ્યાન કરે, હું કોનું ધ્યાન કરું'- આ દ્રવ્યને લક્ષમાં લઈને વાત કરી છે, પોતાની ધૂનની વાત કહી છે. દ્રવ્યદ્રષ્ટિનું બળ આવે છે તે વેદનમાં આવે છે.

*

'શ્રીમદ્' કહે છે કે આંખ પાસે રેતી ઉપડાવવી તેમ સ્વભાવ પાસે વિભાવ કરાવવા જેવું છે ને 'નિહાલભાઈ'એ (કહ્યું કે) સ્વભાવમાંથી બહાર નીકળવું તે ભઠ્ઠી લાગે છે. બન્નેના એક જ ભાવ છે. 'ભઠ્ઠી જેવું કહેવું' તે 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું' છે. ભાષાની કથન પદ્ધતિ જુદી છે.

*

પ્રશ્ન : 'વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.' આમાં તો વસ્તુ વિચારથી અનુભવ થાય અને 'નિહાલભાઈ' વિચારની ના કહે છે તો શું સમજવું ?

ઉત્તર : અહીં પણ 'મન પાવે વિશ્રામ' એમ લીધું છે ને ? એટલે વિચારથી મન છૂટી જાય ત્યારે અનુભવ થાય છે. વિચારથી અનુભવ થાય નહિ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે ત્યારે મન પણ છૂટી જાય છે તો એકલા વિચાર કરવાથી વસ્તુ કેવી રીતે મળી શકે ? મનથી વસ્તુ પેલે પાર છે.

*

પ્રશ્ન : 'શ્રીમદ્જી'માં આવે છે કે 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ... ઔષધ વિચાર ધ્યાન' - આમાં શું કહેવા માગે છે ?

ઉત્તર : હા, આવે છે કે પ્રથમ ભૂમિકામાં વિચાર હોય તો છે, પરંતુ તે સાધન નથી. 'નિહાલભાઈ' કહે છે કે અંદરમાં પ્રસરી જાવ, સ્વમાં પ્રસરી જવું તે જ વિધિ અને કળા છે. પ્રાથમિક ભૂમિકામાં બધું આવે છે, હોય છે, પછી છૂટી જાય છે. (તા. ૧૨-૪-૭૨)

*

પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે કે 'જ્ઞાની છ ખંડને નહિ પણ અખંડને સાધે છે' એટલે શું ?

ઉત્તર : જ્ઞાનીની અખંડ ઉપર દ્રષ્ટિ કાયમ રહે છે. ગમે તે કાર્યમાં બહાર પડેલા હોય પણ દ્રષ્ટિ તો અખંડ ઉપર પડેલી છે. અખંડ ઉપર દ્રષ્ટિ ન રહે તો આત્મદશા રહે નહિ. દ્રષ્ટિ અખંડ પર છે એટલે છ ખંડને નહિ પણ અખંડને

સાધે છે એમ કહ્યું છે. લડાઈના કાળે ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ જ રહે છે. ભલે દેખાય કે છ ખંડ સાધે છે, રાજ–કાજમાં પ્રવૃત્તિ છે પણ તે વખતે પણ અખંડને જ સાધે છે. (તા. ૨૯–૪–૭૨)

*

પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે પરિણતિ, પ્રવેશ કરતી, રમતી, ઉઘડતી છે એટલે શું ?

ઉત્તર : આ તો પરિણામ અંદર જાય તેની વાત છે. પરિણતિ અંદર જાય ત્યારે ઉઘડતી જાય છે. રમતી જાય છે એટલે સ્વરૂપમાં રમણતા થાય છે અને પ્રવેશ કરતી એટલે સર્વગુણાંશ તે સમ્યક્ (એવી રીતે) પ્રવેશ થતાં બધાં ગુણની નિર્મળ પર્યાય સમ્યક્રૂપે થાય છે. (તા. ૨૯–૭–૭૪)

*

પ્રશ્ન : 'નિહાલભાઈએ' કહ્યું છે દેવ–શાસ્ત્ર–ગુરુ બધું પર છે, પર છે એટલે શું ?

ઉત્તર : દેવ–ગુરુ–શાસ્ત્ર પર છે – તેમાં સર્વસ્વતા નથી. પોતાના ચૈતન્યની સર્વસ્વતા છે. કોઈને કોઈ જાતની ધૂન હોય તે કહ્યું છે. એમને આ પ્રકારની ધૂન હતી. 'પ્રવચનસાર'માં આચાર્યદેવને કેવી કેવળજ્ઞાનની ધૂન છે ! ને ક્ષયોપશમજ્ઞાનની નિંદા કરી છે. 'સમયસાર'માં આચાર્યદેવને જ્ઞાયકભાવની ધૂન છે. 'નિયમસાર'માં પરમપારિણામિકભાવની ધૂન છે.

*

પ્રશ્ન : 'નિહાલભાઈ'માં આવે છે કે પર્યાયમાં ઊભો રહીને વિચાર ન કર અંદરમાં જા, તો શું કહેવા માગે છે ?

ઉત્તર : તું અંદરમાં જા ! પર્યાયમાં ઊભો રહીને વિચાર કર્યા કરીશ તો અંદર નહિ જઈ શકાય, તારી દ્રષ્ટિ ફેરવ, પુરુષાર્થ કરીને દ્રવ્યને પકડી લે !

*

'નિહાલભાઈ'એ તો તત્ત્વની વાત ચોખ્ખે–ચોખ્ખી ખુલ્લી કહી દીધી છે. શુભભાવમાં, ભક્તિમાં, ક્રિયામાં તેનાથી લાભ માને તેવો કાળ નથી. અત્યારે તો કોઈ પુણ્યથી ધર્મ માનતા નથી. ક્રિયાકાંડ ધર્મનું સાધન નથી. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે તત્ત્વની ધૂન જામી છે. (તા. ૪–૯–૭૪)

*

પ્રશ્ન : પૂજ્ય 'નિહાલભાઈ' કહે છે કે ષટ્આવશ્યક નહિ પણ એક આવશ્યક છે ?

ઉત્તર : ક્રિયાકાંડ, ઉપવાસ, વ્રત, તપ તેનાથી સામાન્ય જીવો માનતા હોય કે એનાથી (ધર્મ) થઈ ગયો તો તે વાત ખોટી છે. આવશ્યક એક છે એમની તેમની ધૂનમાં સંધિ કરી છે. બધું કર્યું તેથી વધુ લાભ થયો તેમ નથી. અંદરમાં જો કાંઈ ન થાય ને શાસ્ત્ર સ્વાધ્યાયાદિ કરે તો નુકસાન નથી પણ તેની માન્યતામાં એમ આવે કે થઈ ગયું તો નુકસાન છે. કંઈ થતું નથી ને બધું છોડી દે તો નકામું છે, ખરું તો અંદર કરવાનું છે. 'પૂજ્ય ગુરુદેવે' ભેદજ્ઞાનનો માર્ગ સ્પષ્ટ કર્યો છે. આ તો ભેદજ્ઞાન... ભેદજ્ઞાન... તેની સમજણનો કાળ આવ્યો છે.

*


## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને (e-copy) - pdf. ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.

શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી
## પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના
## દ્રષ્ટિનું પરિણમન અને દ્રષ્ટિનો વિષય દર્શાવતા વચનામૃતો

પ્રશ્ન : આપ શુદ્ધપર્યાયને દ્રષ્ટિની અપેક્ષાએ ભિન્ન કહો છો કે જ્ઞાનની અપેક્ષાએ ?

ઉત્તર : દ્રષ્ટિની અપેક્ષાથી ભિન્ન કહીએ છીએ, જ્ઞાનની અપેક્ષાએ તો નહીં. દ્રષ્ટિ કરવાના પ્રયોજનમાં ભિન્નતાનું જોર દીધા વિના દ્રષ્ટિ અભેદ નથી થતી; તેથી દ્રષ્ટિની અપેક્ષાએ જ ભિન્ન કહીએ છીએ; અને મારી તો આ દ્રષ્ટિ પ્રધાન જ શૈલી છે, તેથી આમ જ કહીએ છીએ. (૨)

*

સિદ્ધ (પર્યાય)થી પણ હું અધિક છું. કારણ કે સિદ્ધ (દશા) તો એક સમયની પર્યાય છે, અને હું તો એવી એવી અનંતપર્યાયોનો પિંડ છું. (૭)

*

જેમ મેરુ પર્વત અડગ છે, હું પણ (સ્વભાવથી) એવો જ અડગ છું. મેરુમાં તો પરમાણુ આવે જાય છે, પરંતુ મારામાં તો કાંઈ આવતું જતું નથી; એવો હું અડગ છું. (૮)

*

હું વર્તમાનમાં જ મુક્ત છું, આનંદની મૂર્તિ છું, આનંદથી ભરચક સમુદ્ર જ છું, એવી દ્રષ્ટિ થાય, તો પછી મોક્ષથી પણ પ્રયોજન નથી, મોક્ષ થાઓ તો થાઓ ન થાઓ તો પણ શું ? (પર્યાયની આટલી ગૌણતા દ્રવ્યદ્રષ્ટિમાં થઈ જાય છે.) મને તો વર્તમાનમાં પણ આનંદ આવી રહ્યો છે, પછી પરિણતિમાં તો મોક્ષ થશે જ (એવી પ્રતીતિ આવી જાય છે) પરંતુ મારે તો તેથી પણ પ્રયોજન (દ્રષ્ટિ) નથી. (૯)

*

દ્રવ્યદ્રષ્ટિના હિસાબે તો શુદ્ધ પર્યાય જ પરદ્રવ્ય છે, મારા અસ્તિત્વમાં તે (શુદ્ધપર્યાય) નથી, રાગની તો વાત જ શું ? (દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યસ્વભાવમાં અહંભાવરૂપ શ્રદ્ધાનું પરિણમ થવું, એવી શ્રદ્ધા થવાથી જ પર્યાય શુદ્ધ થાય છે પરંતુ શ્રદ્ધા તેમાં અહંભાવ કરતી નથી.) (૧૧)

*


પર્યાયમાં તીવ્ર અશુભ પરિણામ હો, અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હો, મારામાં (એકરૂપ દ્રવ્ય સ્વભાવમાં) કાંઈપણ બગાડ સુધાર નથી થતો, હું તો જેવો ને તેવો જ છું. (૧૨)

*

(દ્રવ્યદ્રષ્ટિના જોરમાં) કેવળજ્ઞાનથી પણ અમારે પ્રયોજન નથી મોક્ષથી પણ પ્રયોજન નથી તે તો થઈ જાય છે. (૧૩)

*

**પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીના ૧૧૨માં મંગલકારી જન્મોત્સવની ખુશાલીમાં તેમનો ગ્રંથ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' તથા તેના ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનોના ત્રણ ભાગનો સેટ જિજ્ઞાસુને ટ્રસ્ટ દ્વારા ભેંટ મોકલવામાં આવશે.**




## પુસ્તક પરિચય

### 'ગુરુ ગિરા ગૌરવ' = ગુરુ વાણીનું ગૌરવ

પૂજ્ય સોગાનીજીએ પૂજ્ય ગુરુદેવશ્રીના એક જ પ્રવચનશ્રવણની ફલશ્રુતી સમ્યક્દર્શન પ્રાપ્ત કરી શ્રીગુરુનું ગૌરવ વર્ધાયુ હોવાથી 'ગુરુ ગિરા ગૌરવ' નામ રાખેલ છે.

આ પુસ્તકોમાં પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ ઉપરના વિવિધ પ્રવચનો છે. તેઓશ્રી સોગાનીજીના નિકટ પરિચયી રહ્યા હોય તથા દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશનું સંકલન પણ તેમણે કરેલ હોય સોગાનીજીની ઉગ્ર પુરુષાર્થરૂપ પરિણતિ તથા ઉત્કૃષ્ટ ગુરુભક્તિને યર્થાથરૂપે સમજવામાં જિજ્ઞાસુને ઉપકારી થવા યોગ્ય છે

– સંપર્ક –

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

શ્રી નીરવ વોરા મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*



**... દર્શનીય સ્થળ ...**

## 'ગુરુ ગૌરવ'

સોનગઢ

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041